આંક :– **૬૭.**

| | | | |
|---|---|---|---|
| દાવા પ્રાપ્તિ તારીખ : | ૦૪/૦૫/૨૦૧૬ | | |
| દાવા દાખલ તારીખ : | ૦૪/૦૫/૨૦૧૬ | | |
| દાવા નિર્ણિત તારીખ : | ૧૮/૧૦/૨૦૧૯ | | |
| અવધિ : | વર્ષ | માસ | દિવસ |
| | **૦૩** | **૦૫** | **૧૪** |

**જૂનાગઢના મહેરબાન મુખ્ય સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુકામ – જૂનાગઢ.**

## સ્પેશ્યલ દિવાની મુકદમા નંબર : ૨૦/૨૦૧૬.

**વાદી :** **પ્રભાબેન વા/ઓ. નિલેશભાઈ ઝાલાવાડીયા,**
ડો/ઓ. મનજીભાઈ ટીલવા,
ઉ.વ.આ. ૪૪, ધર્મે–હિન્દુ, ધંધો–ઘરકામ,
હાલ રહેવાસી : જૂનાગઢ, ઠે. ઝાંઝરડા રોડ,
સાંઈબાબા મંદિર પાછળ, નયન સોસાયટી,
મોટા મંદિર (હવેલી) ની બાજુમાં, ક્રિષ્ના પેલેસ,
ચોથો માળ, બી/૪૦૫, તાલુકો/જિલ્લો : જૂનાગઢ.

## વિરૂધ્ધ.

**પ્રતિવાદીઓ :**

(૧) **મનજીભાઈ ભાણજીભાઈ ઝાલાવાડીયા,**
રહેવાસી : સણોસરા,
તાલુકો : માણાવદર, જિલ્લો : જૂનાગઢ.

(૨) **જમનાદાસ મનજીભાઈ ઝાલાવાડીયા,**
રહેવાસી : સણોસરા,
તાલુકો : માણાવદર, જિલ્લો : જૂનાગઢ.

(૩) **હરસુખભાઈ મનજીભાઈ ઝાલાવાડીયા,**
રહેવાસી : અમદાવાદ, ઠે. નવા નરોડા, કઠવા રોડ,
હરીદર્શન ચોકડી, હરીદર્શનની બાજુમાં,
પંચકુટીર એપાર્ટમેન્ટ, એ/બી/૫૦૩,
એસ.બી.આઈ. બેંકની બાજુમાં, નરોડા.

(૪) **ગુજરનાર અરવિંદભાઈ મનજીભાઈ ઝાલાવાડીયાના વારસો :**

(૧) **રોમલ અરવિંદભાઈ ઝાલાવાડીયા,**

(૨) **વિમલ અરવિંદભાઈ ઝાલાવાડીયા,**

બંને રહેવાસી : રાજકોટ, ઠે. રાજપથ,
સીએસ્ટ્રા બિલ્ડીંગ, બી–વિંગ–૨૦૨,
ખોડીયાર હોટલની પાસે, ગોંડલ રોડ,

**દાવો :** **હિન્દુ એડોપ્શન એન્ડ મેન્ટેનન્સ એકટની કલમ–૧૯ મુજબ ભરણ પોષણ મળવા અંગે.**

| | |
|---|---|
| **ધારાશાસ્ત્રી :** | વાદી તરફે વિ. વકીલશ્રી વી. એચ. બોરીચા. |
| | પ્રતિવાદીઓ તરફે વિ. વકીલશ્રી આર. એલ. હીરપરા. |

## –:: ઠ રા વ ::–

**(૧)** વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદીના લગ્ન ૧૯૯૨ માં પટેલ નિલેશ મનજીભાઈ સાથે હિન્દુ શાસ્ત્રોકત વિધિથી તેમજ જ્ઞાતિના રીત રીવાજ મુજબ થયેલા અને લગ્ન વખતે માવતરે સોના–ચાંદીના દર–દાગીના, ઠામ–વાસણ વિગેરે આપેલ તે વાદી સાસરે લઈ ગયેલ અને વાદી આ કામના પ્રતિવાદીઓની સાથે સંયુકત પરિવારમાં રહેતા હતા. ત્યારબાદ વાદીના પતિનું સને ૧૯૯૪ માં અવસાન થયેલ અને વાદીના પતિની ઉતરક્રિયા બાદ રીવાજ મુજબ એક વિધવા તરીકે સણોસરા મુકામે રહેલ.

**(૧.૧)** વધુમાં કથન છે કે, લગ્ન બાદ શરૂઆતમાં સારી રીતે રાખેલ ત્યારપછી વાદીના જેઠ–જેઠાણી વાદીના પતિને ખોટી રીતે ચડામણી કરતા

અને તેના કારણે માવતરેથી દહેજ તરીકે રોકડ રકમ અને દાગીના લાવવા માંગણી કરવા લાગેલા અને તે માંગણી સંતોષાયેલ નહીં જેથી વાદીને માનસિક ત્રાસ આપવા લાગેલા અને છેલ્લે વાદીને કપડાભેર કાઢી મુકી કરીયાવરનો તમામ માલ સામાન અને સ્ત્રીધન રાખી લીધેલ. ત્યારપછી પ્રતિવાદીઓએ વાદીની ખોરાકી પોષાકીની કોઈ વ્યવસ્થા કરેલી નહીં. જેથી કેશોદ કોર્ટમાં અરજી કરેલ તેમાં સમાધાન થતા સણોસરા મુકામે તેડી ગયેલા. ત્યારપછી આશરે દોઢેક વર્ષ ત્યાં રહેલ અને ત્યારપછી વાદીના પતિનું અવસાન થયા બાદ વાદીને માઠા પ્રસંગ સુધી રાખેલ અને પછી કપડાભેર કાઢી મુકેલ અને વાદીને ભરણપોષણની કોઈ રકમ આપેલી નથી. વાદીએ આજદિન સુધી પુનઃલગ્ન કરેલ નથી. વાદીના પિતાશ્રી અને માતુશ્રીનું અવસાન થયેલ છે. વાદી ખાસ કાંઈ ભણેલ નથી અને કયાંય નોકરી, ધંધો કરતા નથી અને તદ્દન બેકાર છે. વાદીના પિતાશ્રીને તેમના દાદાએ ભાગમાં ખેતીની જમીન આપેલી પરંતુ વાદીના કાકાઓએ વારસો તરીકે જમીન વેચાણ કરવા ગેરકાયદેસર લખાણ કરી આપેલ જે સામે વાદીના પિતાએ બોગસ દસ્તાવેજ રદ કરવા દાવો દાખલ કરેલ તે મંજૂર થયેલ પરંતુ વાદીના કાકાઓએ સર્વે નં.૨૨૮ પૈકીનો કબજો સોંપેલ હતો તે અંગે પોલીસ ફરિયાદ કરતા વાદીને કબજો સોંપાવેલ. જેમાં ચાલુ વર્ષે અંગ ઉધાર રકમ લઈ વાવેતર કરાવેલ પરંતુ માથાભારે માણસોએ વાવેલ પાક થોડા ભાગમાં પાડી નાખેલ અને બાકીનો પાક વરસાદને અભાવે સુકાઈ ગયેલ. આ સંજોગોમાં વાદીના નિભાવનો પ્રશ્ન ઉભો થતા હાલમાં વાદી તેમના બહેન જૂનાગઢ ખાતે રહે છે તેના આશરે છે.

**(૧.૨)** વધુમાં કથન છે કે, વાદીના પતિના વારસદાર તરીકે વારસા હકકની ખેતીની જમીન અને મકાન મિલકતમાં ભાગ ન આપવાના ઈરાદાથી પ્રતિવાદીઓએ વાદીની જાણ બહાર ખોટા સોગંદનામાઓ કરી ભાગ પાડી લીધેલા છે અને રેવન્ય ખાતા સાથે મિલાપી થઈ વાદીને કલમ–૧૩૫(ડી) ની નોટિસ પણ બજાવેલી નહીં અને નોંધ નં.૪૫૪૭, તા.૦૬/૦૨/૨૦૧૪ પડાવેલ. જે મુજબ માણાવદર તાલુકાના સણોસરા ગામના ખાતેદાર ખેડૂત મનજી ભાણજી ઝાલાવાડીયાના ખેડખાતા નં.૧૩૯૨ ની સર્વે નં.૩૬૭/પૈકી–૪ તથા ૩૯૨/પૈકી–૨ વાળી જમીનની વહેંચણી પ્રતિવાદીઓને કરેલ. આમ, વાદીના પતિના અવસાન પછી તેના વિધવા દરજજે સંયુકત હિન્દુ કુટુંબની વારસાગત મિલકતમાં મળવાપાત્ર ભાગ આપેલ

નથી. આ જમીન ફળદ્રુપ અને પાણી વાળી છે અને તેમાં પ્રતિવાદીઓ ઉપભોગ કરે છે અને તેમાં થતી ઉપજ મેળવે છે અને વાદીને ખોરાકી આપતા નથી. વાદી તેમાંથી ખોરાકી મેળવવા હકકદાર છે. જે અંગે વાદીએ તા.૨૭/૦૭/૨૦૧૫ ના રોજ માંગણી કરતા ના પાડેલી હોય દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. જેથી હાલનો દાવો લાવી પ્રતિવાદીઓ વાદીને માસિક રૂા.૧૨,૦૦૦/– ખોરાકી આપે તેવો હુકમ કરવા તથા દાવાનો ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા દાદ માંગેલ છે.

(૨) દાવાનો સમન્સ પ્રતિવાદીઓને મોકલવામાં આવતા, જે સમન્સ આંક–૫, ૬ અને ૭ ની વિગતે ધોરણસર બજી જતા પ્રતિવાદીઓ પોતાના વિ.વકીલશ્રી મારફત હાજર થયેલ અને આંક–૧૦ થી વાદીના દાવાનો જવાબ રજૂ કરી વાદીના દાવાની સ્પષ્ટપણે કબૂલ કર્યા સિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરી તકરાર લીધેલ છે કે, વાદીના પતિ ગુજરનાર નિલેષકુમાર મનજીભાઈ ઝાલાવડીયા પ્રતિવાદીઓના પુત્ર અને ભાઈ થતા હતા અને લગ્ન બાદ વાદી સણોસરા રહેતા પરંતુ વાદી અને ગુજરનાર નિલેષભાઈને ભળતું નહીં એટલે વાદી માવતરે મોવાણા ચાલ્યા ગયેલ અને ત્યારબાદ કેશોદ કોર્ટમાં ખોરાકી પોષાકીનો કેસ કરેલ અને તેમાં સમાધાન કરીને સણોસરા તેડી લાવેલ અને સમાધાન મુજબ વાદી તથા ગુજરનાર નિલેષભાઈ પ્રતિવાદીઓથી જુદા થઈ ગયેલા તે વખતે કુટુંબની જમીન મકાન વિગેરેમાં તેનો હિસ્સો નકકી કરીને તેની બજાર કિંમત રૂા.૧,૫૦,૦૦૦/– થતી હતી તે પ્રતિવાદીઓએ આપી દીધેલ. ત્યારબાદ વાદી અને તેના પતિ સણોસરા મુકામે ગોવિંદભાઈ દેત્રોજાના મકાનમાં ભાડે રહેતા હતા અને ત્યારબાદ બંને માણસોને ભળતું નહીં અને છેલ્લે તા.૧૬/૦૧/૧૯૯૪ ના રોજ વાદીના ત્રાસથી કંટાળીને ગુજરનાર નિલેષભાઈએ દવા પી લીધેલ જેના કારણે તેનું મૃત્યુ થયેલ અને ત્યારબાદ વાદી તેમના માવતરે મોવાણા ગામે રહે છે અને પ્રતિવાદીઓ સામે માણાવદર કોર્ટમાં ઈન્કવાયરી કેસ નં.૨૯/૯૪ અને એમ.કેસ નં.૧૮/૧૯૯૪ કરેલ જેમાં તા.૦૮/૦૪/૧૯૯૬ ના રોજ સમજુતિ થયેલ અને વાદીને ભવિષ્યની ખોરાકી પોષાકીની ઉઘડ રકમ રૂા.૧૬,૦૦૦/– સાક્ષી આગેવાનો અને પંચોએ નકકી કરેલ અને તે રકમ વાદીએ સ્વૈચ્છાએ સ્વીકારેલી અને પોતાની ભવિષ્યની ખોરાકી પોષાકીના હકકો જતા કરેલા અને વાદીના પતિની હયાતીમાં કુટુંબની જમીનમાં હિસ્સો મળી ગયેલ છે તે મતલબનું માણાવદર મુકામે રૂા.૨૦/–

ના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ થયેલ. જે વાદીએ પ્રતિવાદી નં.૨ જોગ લખી આપેલ છે અને તેમાં પંચો અને સાક્ષીઓની રૂબરૂ સહીઓ કરી આપેલ છે અને જૂનાગઢ મુકામે નોટરી રૂબરૂ લખાણ નોંધાવી પણ આપેલ છે. આ લખાણ અને તેની હકીકતો વાદીએ નામદાર કોર્ટથી છુપાવી છે અને વાદી કલીન હેન્ડથી નામદાર કોર્ટ સમક્ષ આવેલ નથી.

**(૨.૧)** વધુમાં કથન છે કે, વાદીને લખાણથી વિરૂધ્ધ વર્તન કરવાનો હકક રહેતો નથી અને તેથી વાદીના દાવાને એસ્ટોપલનો બાધ નડે છે. વાદી ૧૯૯૪ થી તેમના માવતરે રહે છે અને દાવા પહેલા ખોરાકી બાબતે કોઈ નોટિસ આપી નથી કે દાવો કરેલ નથી અને ૨૨ વર્ષ પછી દાવો કરવા તેમને કોઈ હકક નથી. જેથી વાદીના દાવાને ડીલે, લેચીઝ અને મુદતનો બાધ નડે છે. વાદીને દાવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી. વાદીએ પ્રતિવાદીઓને હેરાન પરેશાન કરવા અગાઉ કેસ કરેલ અને હાલનો ખોટો દાવો કરેલ છે. વાદી કોઈ દાદ માંગવા કે મેળવવા હકકદાર નથી. જેથી વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

**(૩)** આ કામે ચાલુ દાવાએ પ્રતિવાદી નં.૪ અરવિંદભાઈ મનજીભાઈ ઝાલાવાડીયાનું અવસાન થતા આંક–૪૦ થી વાદી તરફે ગુજરનારના વારસોને જોવા અરજ કરતા, પક્ષકારોને સાંભળી, અરજી મંજૂર કરી ગુજરનારના વારસોને જોડવા પરવાનગી આપતા, ગુજરનારના વારસોને પ્રતિવાદી નં.૪/૧ અને ૪/૨ થી જોડી વાદી તરફે સુધારેલ દાવા અરજી રજૂ થયેલ છે.

**(૪)** વાદી પક્ષ તરફથી નીચે મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :</u>**

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧. | પ્રભાબેન વા/ઓ. નિલેશભાઈ ઝાલાવાડીયા | ૨૫ |

**<u>દસ્તાવેજી પુરાવો :</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગામ નમૂના નં.૬ હકક પત્રક | ૧૪થી૧૭ |

| | | |
|---|---|---|
| ૨. | ગામ નમૂના નં.૮(અ) | ૧૮ |
| ૩. | ગામ નમૂના નં.૭ અન ૧૨ | ૧૯ |
| ૪. | ગ્રામ પંચાયત, મોવાણાનો વિઘવા અંગેનો દાખલો | ૨૦ |
| ૫. | નાયબ કલેકટર, વંથલીની આર.આર.ટી. અપીલ નં.૫૬/૨૦૧૪, તા.૧૬/૦૯/૧૫ ની નોટિસ | ૨૧ |
| ૬. | બાંટવા નગરપાલિકાએ આપેલ માહિતી | ૨૨ |
| ૭. | દૈનિક વર્તમાનપત્રનું કટીંગ | ૨૩ |
| ૮. | ગામ નમૂના નં.૮(અ) | ૨૪ |
| ૯. | માણાવદર કોર્ટના ઈન્કવાયરી કેસ નં.૨૮/૯૪ ના કામે થયેલ ફરિયાદ અને તે તળેના હુકમની ખરીનકલ | ૩૦ |
| ૧૦. | કેશોદ કોર્ટમાં ફો.પ.અ.નં.૨૨૨/૯૩ ના કામે થયેલ અરજી અને તે તળેના હુકમની ખરીનકલ | ૩૧ |

વાદી તરફથી આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું આંક–૩૦(એ) ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે.

**(૫)** પ્રતિવાદી પક્ષ તરફથી નીચે મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :</u>**

| **ક્રમ** | **સાહેદ** | **આંક** |
|---|---|---|
| ૧. | જમનભાઈ મનજીભાઈ ઝાલાવાડીયા | ૩૬ |
| ૨. | વશરામભાઈ જેરાજભાઈ ઝાલાવાડીયા | ૫૧ |
| ૩. | અરજણભાઈ મહીદાસભાઈ લાડાણી | ૫૯ |

**<u>દસ્તાવેજી પુરાવો :</u>**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | સચિવ, મહેસુલ વિભાગ (વિવાદ) અમદાવાદના તા.૩૦/૧૨/૨૦૧૭ નો હુકમ | ૫૪ |

પ્રતિવાદી તરફથી આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને વિશેષ પુરાવો રજૂ રાખવા તક આપવા છતાં કોઈ પુરાવો રજૂ રાખેલ ન હોય પ્રતિવાદીનો વિશેષ પુરાવો રજૂ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ વાદી તરફથી આંક–૬૫ થી અને પ્રતિવાદીઓ તરફથી આંક–૬૬ થી લેખિત દલીલ રજૂ થયેલ છે અને પોતાની દલીલ સાથે નીચે મુજબના ચૂકાદાઓ રજૂ રાખેલ છે, જે વંચાણે લેવામાં આવેલ છે. જેની ચર્ચા મુદાઓની ચર્ચા સાથે સાંકળી લેવામાં આવેલ છે.

(1) 1983(4) SCC 575 (SC) Welcome Hotel And Others v/s. State of Andhra Pradesh and Others.

(2) 1988(2) GLR 902 (GUJ) Vijay J. Gadhvi v/s. State of Gujarat & Ors.

(3) AIR 1982 CALCUTTA 412 Prof. A. K. Sanyal v/s. Dr. Chitta Ranjan Basistha and Others,

(4) AIR 1989 ALLAHABAD 226 Full Bench M/s. Krishna Utensils, Rampur v/s. State Financial Corporations and Others.

(5) 1995(1) GLH 86 (GUJ) Gauribhai Somabhai Amin & Ors. v/s. State of Gujarat.

(6) AIR 1983 ALLAHABAD 66 Sultan Singh v/s. Ratan Singh and Others.

(7) 2010(1) GLR 670 (GUJ) Shashikant Natvarlal Patel & Anr. v/s. Arvindbhai Bhupatbhai Gohil & Ors.

(8) 1991(1) GLH 566 (GUJ) Laxmanbhai Jagjivan Soni v/s. Jamnadas Jagjivan Soni and Another.

(9) 2009 Law Suit (SC) 1937 Narendra Kante v/s. Anuradha Kante and Ors.

(10) 1993(1) GCD 350 (GUJ) Meman Mamad Haji Abdul Sakur v/s. Abdul Gafar Haji Abdul Sakur & Ors.

(11) AIR 2013 (NOC) 148 (RAJ) Prahlad Meena and Anr. v/s. State of Rajasthan and Ors.

**(૭)** દાવાના ન્યાયિક નિર્ણય માટે આંક–૧૧ થી મારા પુરોગામી વિધ્વાન ન્યાયાધીશશ્રીએ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત કરેલ છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે, વાદી પ્રતિવાદીઓ પાસેથી હિન્દુ એડોપ્શન એન્ડ મેન્ટેનન્સના કાયદાની કલમ–૧૯ મુજબ ખોરાકી પેટે માસિક રૂા.૧૨,૦૦૦/– મેળવવા હકકદાર બને છે ?

(૨) શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીના દાવાને સપ્રેશન ઓફ ફેકટનો બાધ નડે છે ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે, વાદી દાવામાં જણાવ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૪) શું હુકમ અને હુકમનામું ?

(૫) શું વાદીના દાવાને એસ્ટોપલનો બાધ નડે છે ?

(૬) શું વાદીના દાવાને ડીલે, લેચીઝ અને મુદતનો બાધ નડે છે ?

(૭) શું પ્રતિવાદી સાબિત કરે છે કે, વાદીને દાવો કરવાનું કોઈ કારણ જ ઉભું થયેલ નથી ?

(૮) ઉપરોકત મુદાઓ પરત્વેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદા નંબર ૧ : **અંશતઃ હકારમાં.**

મુદા નંબર ૨ : **નકારમાં.**

મુદા નંબર ૩ : **અંશતઃ હકારમાં.**

મુદા નંબર ૪ : **આખરી હુકમ મુજબ.**

મુદા નંબર ૫ : **નકારમાં.**

મુદા નંબર ૬ : **નકારમાં.**

મુદા નંબર ૭ : **નકારમાં.**

## **–:: કા ર ણો ::–**

**મુદ્દા નંબર (૧) અને (૩) :**

(૯) સદર કામે વાદી અત્રેનીકોર્ટ સમક્ષ એ હકીકત સાથે હાજર થયેલ છે કે, આ કામના વાદી પ્રતિવાદી નં.૧ ના પુત્ર અને પ્રતિવાદી નં.ર થી ૪ ના ભાઈ ગુજરનાર નિલેશભાઈ મનજીભાઈ ઝાલાવાડીયાના વિધવા પત્ની છે અને તે રીતે આ કામના વાદી અને પ્રતિવાદીઓ એકજ હિન્દુ કુટુંબના પક્ષકારો છે. આ કામના વાદીના પતિ ગુજરનાર નિલેશભાઈ મનજીભાઈ ઝાલાવાડીયાનું ૧૯૯૪ માં અવસાન થયેલ. દાવાની હકીકત મુજબ પ્રતિવાદી નં.૧ મનજીભાઈ ભાણજીભાઈ ઝાલાવાડીયાની વડીલોપાર્જિત મિલકત સણોસરા ગામે આવેલ છે અને તે હિન્દુ અવિભકત કુટુંબની મિલકતમાં ગુજરનાર નિલેશભાઈ મનજીભાઈ ઝાલાવાડીયાના વિધવા પત્ની તરીકે વાદી ભરણપોષણ મેળવવા હકકદાર બને છે અને તે રીતે તે ભરણપોષણ મેળવવા હાલનો દાવો કરેલ છે. વાદીએ પોતાની દાવા અરજીમાં તેઓ હિન્દુ એડોપ્શન એન્ડ મેન્ટેનન્સ એકટ, ૧૯૫૬ ની કલમ–૧૯ તળે હિન્દુ અવિભકત કુટુંબના પુત્રવધુ તરીકે ભરણપોષણ મેળવવા હકકદાર છે તેવી રજૂઆત સાથે અત્રેની કોર્ટ સમક્ષ ઉપસ્થિત થયેલ છે. વાદીનો દાવો દાખલ થયા બાદ દાવાના સમન્સ આ કામના પ્રતિવાદીઓને બજતા તેઓએ આંક–૧૦ થી દાવા જવાબ રજૂ કરેલ છે. જેમાં વાદીના પતિ ગુજરનાર નિલેશભાઈ મનજીભાઈ ઝાલાવાડીયા પ્રતિવાદી નં.૧ ના

પુત્રવધુ તથા પ્રતિવાદી નં.ર થી ૪ ના ભાઈ હતા અને વાદી ગુજરનાર નિલેશભાઈ મનજીભાઈ ઝાલાવાડીયાના વિધવા પત્ની છે તે હકીકત અંગે તકરાર લેવામાં આવેલ નથી તથા સણોસરા ગામે પક્ષકારોની વડીલોપાર્જિત મિલકત આવેલછે તે હકીકત અંગે પણ કોઈ તકરાર લેવામાં આવેલ નથી, પરંતુ આ મિલકતમાંથી વાદીના પતિ ગુજરનાર નિલેશભાઈ મનજીભાઈ ઝાલાવાડીયાએ તેમના જીવનકાળ દરમિયાન વહેંચણી કરી હિસ્સો મેળવી લીધેલ છે તેમ જણાવી વાદીનો દાવો ટકવાપાત્ર નથી તેમ જણાવેલ છે.

**(૯.૧)** સદર કામે વાદીની જુબાની આંક–રપ થી રજૂ થયેલ છે અને તે તળે પ્રતિવાદીઓ તરફે વિગતવાર ઉલટતપાસ લેવામાં આવેલ છે, પરંતુ પ્રતિવાદીઓ તરફે લેવાયેલ ઉલટતપાસમાં પ્રતિવાદીઓની તરફેણમાં કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વાદીએ પોતાની સરતપાસના સમર્થનમાં આંક–૧૪ થી આંક–૧૯ સુધી દાવાવાળી મિલકતના રેવન્યુ રેકર્ડ રજૂ કરેલ છે. જે ઉપરથી દાવાવાળી જગ્યા મનજીભાઈ ભાણજીભાઈ ઝાલાવાડીયાના નામે વડીલોપાર્જિત હોવાનું રેકોર્ડ કોર્ટ સમક્ષ રજૂ થયેલ છે. ત્યારબાદ પ્રતિવાદી તરફે આંક–૩૬, ૫૧ અને ૫૯ થી પ્રતિવાદી સાહેદોના સરતપાસના સોગંદનામા રજૂ થયેલ છે. જે પૈકી આંક–૩૬ થી સાહેદ જમનભાઈ મનજીભાઈ ઝાલાવાડીયાની સરતપાસ ઉપર વાદી પક્ષે તેઓની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. જે ઉલટતપાસ દરમિયાન તેઓએ સ્વીકારેલી હકીકતો નીચે મુજબ છે.

"એ વાત ખરી છે કે, મારા પિતાજી પાસે બાપદાદાના વખતથી ખેતીની જમીન આવેલી છે. એ વાત ખરી છે કે, ગુજરનાર નિલેશભાઈના લગ્ન આ કામના વાદી સાથે થયેલા. એ વાત ખરી છે કે, લગ્ન બાદ વાદી અને તેના પતિ બધા સંયુકત કુટુંબમાં વડીલોપાર્જિત મકાનમાં રહેતા હતા. એ વાત ખરી છે કે, વાદીના લગ્ન પહેલા કે પછી વડીલોપાર્જિત ખેતી અને મકાનમાં કૌટુંબિક ભાગ પાડેલ નથી. અમે સમાધાન કરીને વાદીને પરત લઈ આવેલા ત્યાં સુધી વડીલોપાર્જિત મિલકતના ભાગ પાડેલા નહીં."

**(૯.ર)** પક્ષકારો તરફે ઉપરોકત મુજબનો પુરાવો ધ્યાને લેતા એમ કહી શકાય કે બંને પક્ષે સંપૂર્ણ પુરાવો રેકર્ડ ઉપર હોય ત્યારે તમામ પુરાવો સમગ્ર

પણે વંચાણે લેવાનો રહે છે. હાલના કેસમાં વાદી ગુજરનાર નિલેશભાઈ મનજીભાઈ ઝાલાવાડીયાના પત્ની અને પ્રતિવાદી નં.૧ ના પુત્રવધુ તથા પ્રતિવદી નં.ર થી ૪ ના સગા ભાઈના પત્ની હોવા અંગે કોઈ તકરાર નથી તથા સણોસરા ગામે પક્ષકારોની વડીલોપાર્જિત મિલકત આવેલ છે કે જેમાં ગુજરનાર નિલેશભાઈ મનજીભાઈ ઝાલાવાડીયાના મૃત્યુ સુધી ભાગ પડેલ ન હતા તે હકીકત રેકર્ડ ઉપર આવે છે. હિન્દુ કાયદા પ્રમાણે, જયારે ગુજરનાર નિલેશભાઈ મનજીભાઈ ઝાલાવાડીયાનું મૃત્યુ થયેલ ત્યારે તેઓ જે અવિભકત વડીલોપાર્જિત મિલકતમાં સમાંશિત હિત ધરાવતા હતા તે મિલકતમાં તેઓના પ્રથમ વર્ગના વારસદાર તરીકે તેઓના પત્નીને ગુજરનારના મૃત્યુ પછી હકક ઉત્પન્ન થાય છે અને તે મુજબ વડીલોપાર્જિત મિલકત ગુજરનાર નિલેશભાઈ મનજીભાઈ ઝાલાવાડીયાના મૃત્યુ સુધી અને ત્યારબાદ પણ વણવહેંચાયેલી રહેલી જેથી તે મિલકતમાંથી હાલના વાદીને ભરણપોષણ મેળવવાનો હકક હિન્દુ એડોપ્શન એન્ડ મેન્ટેનન્સ એકટ, ૧૯૫૬ ની કલમ–૧૯ મુજબ ઉત્પન્ત્ન થાય છે. સદરહુ કલમની જોગવાઈ નીચે મુજબ છે.

**Sec.19 : Maintenance of widowed daughter-in-law** –

(1) A Hindu wife, whether married before or after the commencement of this Act, shall be entitled to be maintained after the death of her husband by her father-in-law.

Provided and to the extent that she is unable to maintain herself out of her own earnings or other property or, where she has no property of her own, is unable to obtain maintenance -

(a) from the estate of her husband or her father or mother, or

(b) from her son or daughter, if any, or his or her estate.

(2) Any obligation under sub-section (1) shall not be enforceable if the father-in-law has not the means to do so from any coparcenary property in his possession out of which the daughter-in-law has not obtained any share, and any such obligation shall cease on the re-marriage of the daughter-in-law.

(૯.૩) ઉપરોકત કલમની જોગવાઈ મુજબ હિન્દુ અવિભકત કુટુંબની મિલકતમાં વારસાઈ તરીકે હિત ધરાવતા કોઈપણ પુરૂષ સભ્યની વિધવાને તે મિલકતમાંથી ભરણપોષણ મેળવવા હકક પ્રાપ્ત થાય છે, સિવાય કે તે વિધવા પોતે પોતાની રીતે પોતાનું ભરણપોષણ કરવા સક્ષમ હોય અથવા અન્ય કોઈ મિલકત તે ધરાવતી હોય અથવા કુટુંબના કર્તા પાસે આવી કોઈ વડીલોપાર્જિત મિલકત ન હોય અથવા તો તે વિધવાએ પુનઃલગ્ન કરી લીધેલ હોય, હાલના કેસમાં પ્રતિવાદીઓ તરફે એવી તકરાર લેવામાં આવેલ છે કે, હાલના વાદી પોતાના પિતાની મિલકતમાં હકક ધરાવે છે અને તે મિલકતમાં તેમનું નામ આવેલ હોય તેઓ દાવાવાળી મિલકતમાંથી કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો મેળવવા હકકદાર નથી. આ ઉપરાંત પ્રતિવાદીઓ તરફે આંક–૫૪ થી દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે અને એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, દાવાવાળી મિલકતમાંથી વાદીએ પહેલેથી જ પોતાનો હિસ્સો મેળવી લીધેલ હોય અને ભરણપોષણનો હકક જતો કરેલ છે અને પોતાના પિતાના નામે આવેલ મિલકતમાં હકક ધરાવતા હોય તેથી પોતાની મિલકત ધરાવતા હોય હિન્દુ એડોપ્શન એન્ડ મેન્ટેનન્સ એકટ, ૧૯૫૬ ની કલમ–૧૯ મુજબ ભરણપોષણ મેળવવા હકકદાર નથી, પરંતુ રેવન્યુ રેકર્ડમાં કોઈ વ્યકિતનું નામ હોય તેથી તે વ્યકિત તે મિલકતની માલિક અથવા તો તેમાંથી કોઈ આવક મેળવે છે તેમ માની શકાય નહીં, સિવાય કે તે વ્યકિતએ તે હકીકતનો સ્વીકારેલ કરેલ હોય. હાલના કેસમાં વાદી તરફે આંક–૧૪ થી ૧૯ સુધી દાવાવાળી જગ્યાના રેવન્યુ રેકર્ડ રજૂ થયેલ છે. જે રેવન્યુ રેકર્ડમાં હાલના પ્રતિવાદી નં.૧ નું નામ છે અને પ્રતિવાદી સાહેદ જમનભાઈ મનજીભાઈ ઝાલાવાડીયાએ ઉલટતપાસમાં તેઓએ વડીલોપાર્જિત મિલકત હોવાનું અને તે મિલકતમાંથી આવક થતી હોવાનું અને તે મિલકત સંયુકત

કુટુંબની મિલકત હોવાનું સ્વીકારેલ છે. ગુજરનાર નિલેશભાઈ મનજીભાઈ ઝાલાવાડીયાના મૃત્યુ સુધી અને ત્યારબાદ પણ દાવાવાળી જગ્યા હિન્દુ અવિભાજય કુટુંબની મિલકત રહેલ છે. પ્રતિવાદીઓ તરફે એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, વાદીએ તેમના હિસ્સાના રૂા.૧૬,૦૦૦/– મેળવી લીધેલ છે, પરંતુ આ ચોકકસ હિસ્સો પ્રતિવાદીઓ ધ્વારા વાદીને ચૂકવવામાં આવેલ છે તે અંગે વિશ્વાસપાત્ર પુરાવો અત્રે કોર્ટ કાર્યવાહી દરમિયાન રજૂ કરવામાં આવેલ છે. જેથી કલમ–૧૯ માં ભરણપોષણ મેળવવા સામે જે બાધ મુકવામાં આવેલ છે તેવી કોઈ હકીકત કોર્ટ રેકર્ડ ઉપર પુરવાર થયેલ નથી તેથી વાદીની તરફેણમાં કલમ–૧૯ મુજબ વડીલોપાર્જિત મિલકતમાંથી ભરણપોષણ મેળવવા હકકદાર થાય છે તેમ માનવાને કારણ રહે છે. આ તબકકે પ્રતિવાદીઓ તરફે રજૂ કરેલ નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર હાઈકોર્ટના ચૂકાદામાં જણાવેલ માર્ગદર્શન હાલના કેસની હકીકતો જોતા લાગુ પાડી શકાય તેમ જણાતા નથી તેથી તે તમામ ચૂકાદાઓ નમ્રપણે વંચાણે લેતા પણ લાગુ પાડી શકાય નહીં.

**(૯.૪)** ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીએ પોતાના યોગ્ય પુરાવાથી પુરવાર કરી બતાવેલ છે કે, તેઓ આ કામના પ્રતિવાદીઓ પાસેથી હિન્દુ એડોપ્શન એન્ડ મેન્ટેનન્સ એકટ, ૧૯૫૬ ની કલમ–૧૯ મુજબ ભરણપોષણ મેળવવા હકકદાર થાય છે. વાદીએ પ્રતિવાદીઓ ધ્વારા આ મિલકતમાંથી કેટલી આવક મેળવવામાં આવે છે તે અંગે કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજૂ કરેલ નથી. જેથી તેઓએ ચોકકસ માસિક રૂા.૧૨,૦૦૦/– ની રકમ જણાવેલ છે તે મુજબ માસિક ભરણપોષણ મેળવવા તેઓ હકકદાર બને છે તેમ કહી શકાય નહીં, પરંતુ તેઓએ પોતાના યોગ્ય પુરાવાથી દાવાવાળી મિલકતમાં હિન્દુ એડોપ્શન એન્ડ મેન્ટેનન્સ એકટ, ૧૯૫૬ ની કલમ–૧૯ મુજબ ભરણપોષણ મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરી બતાવેલ છે. જેથી **મુદા નં.૧** નો જવાબ **અંશતઃ હકારમાં** આપવામાં આવે છે, અને **મુદા નં.૩** નો જવાબ પણ **અંશતઃ હકારમાં** આપવામાં આવે છે.

**મુદા નં.(૨), (૫), (૬) અને (૭) :**

**(૧૦)** હાલના પ્રતિવાદી દાવા જવાબમાં એવું જણાવવામાં આવેલ છે કે, વાદીએ કોર્ટ સમક્ષ મહત્વની હકીકતો છુપાવેલ છે. વાદીએ અગાઉ ભરણપોષણ

મેળવી લીધેલ હોય હાલના દાવાને એસ્ટોપલનો બાધ નડે છે અને વાદી લાંબા સમય બાદ કોર્ટ સમક્ષ ભરણપોષણની રજૂઆત લઈને આવેલ છે તેથી વાદીના દાવાને ડીલે, લેચીઝ અને સમય મર્યાદાનો બાધ નડે છે તેમજ વાદીને હાલનો દાવો લાવવા કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી. આ તમામ મુદાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી આ ચારેય મુદાઓની ચર્ચા એકી સાથે કરવામાં આવે છે.

**(૧૦.૧)** સૌપ્રથમ તો વાદીએ દાવામાં કઈ મહત્વની હકીકત છુપાવેલ છે તે અંગે પ્રતિવાદી તરફે કોઈ પુરાવો રજૂ થયેલ નથી. પ્રતિવાદીની રજૂઆત એવી છે કે, વાદીએ પક્ષકારો વચ્ચે કેશોદ કોર્ટમાં થયેલ કાર્યવાહીની હકીકત અને માણાવદર કોર્ટમાં થયેલ કાર્યવાહીની હકીકત અને તેમાં સમાધાન કરી ભવિષ્યની ખોરાકી પોષાકીની ઉઘડ રૂા.૧૬,૦૦૦/– મેળવી લીધેલ છે તે તમામ હકીકતો છુપાવેલ છે, પરંતુ પ્રતિવાદી તરફે રેકર્ડ પર રજૂ થયેલ પુરાવા પરથી પણ પ્રતિવાદીઓએ વાદીને રૂા.૧૬,૦૦૦/– ભરણપોષણ પેટે ચૂકવી આપેલ છે તેવો કોઈ પુરાવો રજૂ થયેલ નથી. આ ઉપરાંત અગાઉ થયેલ કેસ અને તેમાં થયેલ સમાધાનની વિગત વાદીએ પોતાની દાવા અરજી તથા આંક–૨૫ ના સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે. જેથી વાદીએ કોઈ મહત્વની હકીકતો છુપાવેલ છે તેમ કહી શકાય નહીં. આ ઉપરાંત વાદીએ જયારે પ્રથમ ભરણપોષણની રકમ મેળવી લીધેલ છે તેવી કોઈ હકીકત પુરવાર થતી ન હોય ત્યારે વાદીના દાવાને એસ્ટોપલનો બાધ નડતો હોય તેવી હકીકત પણ માની શકાય નહીં. વાદી દાવાવાળી મિલકતમાં ગુજરનાર નિલેશભાઈ મનજીભાઈ ઝાલાવાડીયાના વિધવા તરીકે ભરણપોષણ મેળવવા હકકદાર ઠરે છે જેથી સ્પષ્ટ રીતે વિધવા તરીકે તેમનો હકક ગુજરનાર નિલેશભાઈના મૃત્યુ પછી ઉત્પન્ન થાય અને ત્યારથી દાવાનું કારણ દાવાની તારીખ સુધી સતત ચાલુ રહેલ છે તેમ કહી શકાય. કારણ કે આ કામના પ્રતિવાદીઓ ધ્વારા કોઈ ચેકકસ સમયે સ્પષ્ટ રીતે ઈન્કાર કરવામાં આવેલ છે તેવી હકીકત રેકર્ડ ઉપર આવતી નથી. વાદીનો હકક ઉત્પન્ન થયેલ તે તારીખથી પ્રતિવાદીઓ ધ્વારા તે હકકનો સ્પષ્ટપણે ઈન્કાર કરવામાં ન આવે ત્યાં સુધી વાદીને તે મિલકતમાં ભરણપોષણ મેળવવાનો હકક છે તે હકક ચાલુ રહે છે. જયારે વાદીને આ હકકનો ઈન્કાર કરવામાં આવ્યો ત્યારથી ૧૨ વર્ષની

અંદર દાવો લાવવો પડે, પરંતુ હાલના કેસમાં પ્રતિવાદીઓ ધ્વારા વાદીને આ હકકનો કયા સમયે ઈન્કાર કરવામાં આવેલ છે તે હકીકત રેકર્ડ ઉપર નથી પરંતુ દાવો દાખલ થયા બાદ પ્રતિવાદીએ પોતાના દાવા જવાબમાં આ હકકનો ઈન્કાર કરેલ છે. આ હકીકત રેકર્ડ ઉપર આવેલ છે એટલે વાદીએ દાવો દાખલ કરેલ ત્યારે તેને દાવો દાખલ કરવાનું કારણ અસ્તિત્વ ધરાવતું હતું અને વાદીના આ હકકનો સતત ભંગ કરવામાં આવતો હતો તેથી વાદીને દાવો કરવા સતત કારણ ઉત્પન્ન થયેલ હતું તેમ માનવાને કારણ રહે છે. જેથી **મુદા નં.૨, ૫, ૬ અને ૭** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે.

**મુદા નં.(૪) :**

**(૧૧)** મુદા નં.૧ અને ૩ ની ચર્ચા કર્યા મુજબ વાદીએ પોતાની તરફેણમાં કેસની હકીકતો પુરવાર કરી બતાવેલ છે. દાવાની વિષયવસ્તુ સણોસરા ગામે આવેલ દાવાવાળી મિલકત વડીલોપાર્જિત મિલકત હોવાનું વાદીએ પુરવાર કરી બતાવેલ છે અને વાદી પોતાનું સ્વતંત્ર રીતે ભરણપોષણ કરી શકે તેવી આવક ધરાવે છે અથવા પુનઃલગ્ન કરી લીધેલ છે માંગ્યા મુજબનું ભરણપોષણ મેળવવા હકકદાર નથી તેવી હકીકત પ્રતિવાદીઓ તરફે પુરવાર કરવામાં આવેલ નથી. જેથી વાદી હિન્દુ એડોપ્શન એન્ડ મેન્ટેનન્સ એકટ, ૧૯૫૬ ની કલમ–૧૯ મુજબ ભરણપોષણ મેળવવા હકકદાર થાય છે તેમ માનવાને કારણ રહે છે. વાદી તરફે પ્રતિવાદીઓ ધ્વારા દાવાવાળી મિલકતમાં ચોકકસ કેટલી આવક મેળવવામાં આવે છે તે જણાવેલ નથી પરંતુ પ્રતિવાદી સાહેદે ઉલટતપાસ દરમિયાન સ્વીકારેલ છે કે, ખેતીમાંથી દોઢ લાખની પેદાશ થાય છે. તેઓ દુકાનનો ઈન્કમ ટેક્ષ આશરે રૂા.૧,૬૦૦/– થી ૧,૭૦૦/– ભરે છે. આ હકીકત જોતાં દાવાવાળી મિલકતમાંથી વાદી આશરે રૂા.૮,૦૦૦/– માસિક ભરણપોષણ મેળવવા હકકદાર થાય છે તેમ માનવાને કારણ રહે છે. જેથી **મુદા નં.૪** અન્વયે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) વાદીનો દાવો અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

(૨) આ કામના વાદી આ કામના પ્રતિવાદીઓ પાસેથી સંયુકત અને વિભકત રીતે રૂા.૮,૦૦૦/– (અંકે રૂપિયા આઠ હજાર પુરા) દર માસે દાવો દાખલ થયાની તારીખથી વસૂલ મેળવવા હકકદાર થાય છે અને પ્રતિવાદીઓ સંયુકત અને વિભકત રીતે સદરહુ રકમ ચૂકવી આપવા જવાબદાર થાય છે તેમ ઠરાવવામાં આવે છે.

(૩) આ કામે વાદીને થયેલ દાવા ખર્ચ પ્રતિવાદીઓએ ચૂકવી આપવો અને પ્રતિવાદીઓએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તારીખ **અઢારમી,** માહે **ઓકટોબર**, સને **૨૦૧૯** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ
તારીખ : ૧૮/૧૦/૨૦૧૯.

**(બિંદુ ગોપીક્રિષ્ના અવસ્થી)**
મુખ્ય સિનિયર સિવિલ જજ,
જૂનાગઢ.
(GJ-00810)